Chapter. 1

પ્રકરણ – ૧

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ

પ્રકરણ - ૧

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ

ભાષાની ઉત્પત્તિ કેવી રીતે થઇ એ ભાષાશાસ્ત્રનો એક વિકટ પ્રશ્ન છે. ભાષાશાસ્ત્રીઓએ ભાષાની ઉત્પત્તિ અંગે ઘણી બધી કલ્પનાઓ કરી છે. તેવીજ રીતે ગુજરાતી ભાષાના આરંભ વિષે પણ પોતાના મંતવ્યો રજૂ કરેલ છે. આપણા પ્રદેશને 'ગુજરાત'નામ ૧૧ મી સદીથી મળ્યું હોવાનો આધાર છે અને ગુજરાતી ભાષાને લગભગ ૧૧ મી સદીથી શરૂ થયેલી ગણવામાં આવે છે, પણ આ ભાષાનું 'ગુજરાતી ભાષા'એવું નામ ૧૭ મી સદીમાં નોંધાયેલુ છે, અને તેની પહેલાં ભાષાનો બીજા નામથી ઉલ્લેખ થયેલો જોવા મળે છે. ૧૫ મી સદીમાં પદ્મનાભે 'કાન્હડદે પ્રબંધ'માંના પહેલા ખંડની પહેલી કડીમાં એનો 'પ્રાકૃત ભાષા'ના નામથી ઉલ્લેખ કરેલો છે.

'' ગૌરીનન્દન વિનવું બ્રહ્મસૂતા સરસત્તિ ।
સરસ બંધ પ્રાકૃત કઉં દઉ મુજ નિર્મલ મત્તિ ॥[1]

આ ઉપરાંત એજ પુસ્તકમાં અન્યત્ર પણ પદ્મનાભે પ્રાકૃતના નામથી ગુજરાતીજ ભાષાનો ઉલ્લેખ કરેલ છે.

'' પાકૃત બંધ કવિત મતિ કરી ।''[2]

વળી પંદરમી સદીમાં ભાલણે તેના 'નળાખ્યાન'માં આ ભાષાનો 'ગુર્જર ભાષા' તરીકે ઉલ્લેખ કરેલો છે:

'' ગુર્જરભાષાએ નલરાના ગુન મનોહર ગાઉં[3]''

આ ઉપરાંત ૧૭ મી સદીના વેદાંતી કવિ અખાએ તેના એક છપ્પામાં ગુજરાતી ભાષાનો ઉલ્લેખ પ્રાકૃતના નામથી કર્યો છે.

ભાષાને શું વળગે ભૂર
રણમાં જે જીતે તે શૂર
સંસ્કૃત બોલે તે શું થયું
કાંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું ?[4]

આ સઘળા ઉલ્લેખોમાં દરેક કવિએ ગુજરાતીને પ્રાકૃત તરીકે ઓળખાવી છે. પરંતુ ૧૭માં સૈકામાં થયેલ રસકવિ પ્રેમાનંદ તેના 'દશમસ્કંધ'માં ગુજરાતી ભાષાનો ઉલ્લેખ ગુજરાતી ભાષાના નામથીજ કરે છે.

'હૃદે માહરે ઉપલી અભિલાષા,
બાંધુ નાગદમણ ગુજરાતી ભાષા'[5]

આ રીતે આપણી ભાષાને ગુજરાતીના નામથી સૌ પ્રથમ ગુજરાતીના નામથી પ્રેમાનંદે લાડથી અને ગૌરવથી ઓળખાવી. આમ ૪૦૦ વર્ષના ગાળામા આપણી ભાષાનું નિશ્ચિત સ્વરુપ સરજાયું. શ્રી કે.બી.વ્યાસ ગુજરાતી ભાષાને પ્રાચીન ઇન્ડો-આર્યનમાંથી કાળક્રમે ઉત્ક્રાન્ત થયેલ સ્વરુપ માને છે. સંસ્કૃત અને પ્રાકૃતના ભેદ સ્પષ્ટ છે, કેમ કે સંસ્કૃત ભાષાનું સ્વરુપ સ્પષ્ટ મર્યાદાથી બાંધેલું છે. ગુજરાતી ભાષાનું મૂળ સંસ્કૃત ભાષા છે. સંસ્કૃત ભાષા ઉપરથી જેમ બીજી ભાષાઓ ઉદ્‌ભવી તેવીજ રીતે ગુજરાતીનો ઉદ્‌ભવ પણ સંસ્કૃત ભાષામાંથી થયો. સંસ્કૃત ભાષાજ તે કાળે ગ્રામ્ય થતાં પ્રાકૃત થઇ અને ગુજરાતમા આર્યકુળના લોકો રહયાં ત્યાર પહેલા જે લોકો કહેતા હતા તેમની ભાષા તે દેશ્ય ભાષા સાથે ભળી. આમ ગુજરાતી ભાષા વિવિધ ભાષાઓના સંગમથી બનેલ છે. શ્રી વ્રજલાલ કાળીદાસ શાસ્ત્રી જણાવે છે કે '' પ્રાકૃત ભાષા ઉપરથી અપભ્રંશ ભાષા થઇ અને અપભ્રંશ ઉપરથી જૂની ગુજરાતી ભાષા થઇ છે. જૂની ગુજરાતીનું વ્યાકરણ અપભ્રંશ ભાષાના વ્યાકરણ સાથે ઘણું મળતું આવે છે.[૬]' વળી કેટલાક એવો મત દર્શાવે છે કે અપભ્રંશ ઉપરથી નહીં પણ શૌરસેની ઉપરથી ગુજરાતી ભાષા થઇ છે. કિન્તુ વ્રજલાલ શાસ્ત્રીએ શૌરસેની અને ગુજરાતી વચ્ચેનુ અંતર સ્પષ્ટ કરી પ્રાકૃત પરથી થયેલી ભાષાઓમાં અપભ્રંશ સાથેજ ગુજરાતીને સહુથી વધારે સામ્ય છે એવું તારવ્યું છે. ચૌદમી સદી સુધીમાં અપભ્રંશના લક્ષણોનો મોટો ભાગે લોપ થયો હતો અને નવી વિકસતી ગુજરાતી ભાષાના નવા લક્ષણોનો બહોળા પ્રમાણમાં ઉદ્‌ભવ થયો હતો. ગુજરાતી ભાષાના વિકાસને જુદા જુદા યુગોમાં ગોઠવીને તેના વિભાગો આપણા વિદ્વાનોએ પાડેલા છે. આમાં અપભ્રંશ યુગ-જુની ગુજરાતીનો યુગ અને અવાર્ચીન ગુજરાતીનો યુગ એવા ગુજરાતી ભાષાના વિકાસના ત્રણ તબક્કા શ્રી કે.હ.ધ્રુવે પાડેલા છે.

(૧) અપભ્રંશ યુગ: ઇ.સ.૧૦-૧૧મી સદીથી ૧૪મી સદી સુધી.

(૨) જુની ગુજરાતીનો યુગ: ઇ.સ.૧૪મીથી ૧૭મી સદી સુધી.

(૩) અવાર્ચીન ગુજરાતી યુગ: ૧૭મી સદીથી અત્યાર સુધી.

પહેલા યુગની ભાષાને કે.હ.ધ્રુવે 'અપભ્રંશ ભાષા' તરીકે ઓળખાવી છે. જ્યારે ભારતના બીજા પ્રદેશોમાં જે પ્રકારની અપભ્રંશ ભાષા બોલાતી હશે તેજ પ્રકારની અપભ્રંશ તે વખતે ગુજરાતમા પણ બોલાતી હશે એવું કદાચ કે.હ.ધ્રુવ માનતા હોય એવું આપણને એમના યુગના નામકરણ પરથી લાગે છે. જ્યારે કે.કા.શાસ્ત્રીએ પહેલા યુગની ભાષાને 'ગૌર્જર અપભ્રંશ''તરીકે ઓળખાવી છે. ભારતના બીજા ભાગો કરતાં ગુજરાતમાં પોતાની આગવી અપભ્રંશ બોલાવી હશે એવું કે.કા.શાસ્ત્રીનું માનવું છે,[૭] અને તેથી તેમણે એ યુગની ભાષાને

માત્ર 'અપભ્રંશ કહેવાને બદલે 'ગૌર્જર અપભ્રંશ' એવું નામ આપ્યું છે. આ નવી ભાષા પરત્વેના નામાભિધાનમાં એક ભ્રમ ઉત્પન્ન થવાનો સંભવ છે. 'ગૌર્જર અપભ્રંશ' એ નામ ઉપરથી કદાચ કોઇ એમ માનવા પ્રેરાય કે એ અપભ્રંશ માત્ર ગુજરાતમાંજ બોલાતી, પરંતુ હકીકતમાં આ ભાષા ન તો એકલા ગુજરાતને કે ન તો એકલા રાજસ્થાનમાં બોલાતી હતી. પરંતુ તે ભાષા તે રાજસ્થાન તેમજ આજના ઉત્તર ગુજરાતમાં એમ બન્ને પ્રદેશોમાં બોલાતી હતી. આને લઇને ઉમાશંકર જોષીએ એ ભાષા માટે 'મારુ-ગુર્જર' શબ્દ બનાવ્યા છે. આ શબ્દ પર્યાપ્ત અર્થવાળો છે. કેમ કે તેમાં 'મારું' એટલે 'મારવાડ' અને 'ગુર્જર' એટલે ગુજરાત એમ બન્ને પ્રદેશની સહિયારી ભાષાના અર્થ આવે છે. તે વખતે આ બન્ને પ્રદેશોની ભાષા એક સરખી હતી કારણ કે એ બન્ને પ્રદેશો ગુર્જર રાજાઓના વર્ચસ્વ નીચે હતાં અને તેથી એ બન્ને પ્રદેશોની પ્રજાઓ વચ્ચે રાષ્ટ્રીય તેમજ સાંસ્કૃતિક સંબંધો સારા પ્રમાણમાં હતાં. આજે પણ ગુજરાત અને રાજસ્થાનની પ્રજાઓ વચ્ચે કેટલીક સમાનતા જોવા મળે છે. દા.ત. પહેરવેશ, તહેવાર (હોળી), આજની રાજસ્થાની (બોલી) અને ગુજરાતી ભાષા વચ્ચે ઘણાં શબ્દ રુપોની અને પ્રત્યયોની સમાનતા જોવા મળે છે.

ગુર્જરોની સત્ત્તા રાજસ્થાનમાંથી અસ્ત પામતાં અને એ ગુર્જરો આજના ગુજરાતમાં આવીને વસ્યા અને રાજસ્થાન પર દિલ્હીના સુલતાનોનું વર્ચસ્વ સ્થપાવા લાગ્યું એને લઇને આ બન્ને પ્રદેશની પ્રજાઓ વચ્ચેના રાજકીય અને સાંસ્કૃતિક વ્યવહારો ક્ષીણ થઇ ગયા એને લઇને એ બન્ને પ્રજાઓ એક બીજાથી છૂટી પડી અને તેથી એ બન્ને પ્રજાનો ભિન્ન ભિન્ન ભાષામાં વિકાસ થયો અથવા મૂળ એકજ ભાષામાંથી બે ભિન્ન ભિન્ન ભાષાઓના પ્રાદેશિક ફાંટા પડયા. એક બાજુ રાજસ્થાનમાં અર્વાચીન રાજસ્થાનીનો અને ગુજરાતમાં અર્વાચીન ગુજરાતીનો વિકાસ થયો.

આજે ગુજરાતી ભાષાએ વિકાસ પામીને એક સ્વતંત્ર ભાષાનો દરજ્જો સર કર્યો છે પરંતુ રાજસ્થાનીને એવો સ્વતંત્ર ભાષાનો દરજ્જો મળેલ નથી અને તેને હિન્દીની એક બોલી તરીકે ગણાવી દેવાનો પ્રયત્ન થઇ રહયા છે. ખુદ રાજસ્થાનમાં પણ તે પ્રદેશની અધિકૃત ભાષા તરીકે હિન્દી ભાષાને માન્ય રાખવામાં આવેલ છે. જેથી રાજસ્થાની ભાષાનો વિકાસ રુંધાયો.

ગુજરાતી એક સ્વતંત્ર ભાષા છે. એને એની પોતાની આગવી પ્રતિભા છે. સંસ્કૃત ભાષા સુસંસ્કૃત, અતિ શિષ્ટ વૈજ્ઞાનિક ભાષા, દેવોની ભાષા છે, ગુજરાતીની માતામહી છે. છતાં એ અન્ય ભાષા છે. સંસ્કૃત એ ગુજરાતી નથી. સંસ્કૃતના ઘણાં અંશોને ગુજરાતીએ

વારસામાં લીધાં છે. સંસ્કૃતમાંથી પ્રેરણા લીધી છે એટલે ઘણી બાબતોમાં મળતાપણું લાગે. પરંતુ દિકરીનું મોં માને મળતું આવે માટે કાંઇ બન્નેનું વ્યકિતત્ત્વ એક ના ગણાય. આમ સ્વતંત્ર રીતે વિકાસ પામેલી ગુજરાતી ભાષા અનેકવિધ બોલીઓથી સમૃધ્ધ છે, અને આ અનેકવિધ બોલીઓમાં પારસી બોલી પણ ગુજરાતી ભાષાની પ્રધાન બોલીઓમાંની એક છે.

પારસી બોલી

પારસીઓ પરદેશી હોવા છતાં તેમણે ગુજરાતી ભાષાને પોતાની ભાષા તરીકે અપનાવી તે ઘટના અવિસ્મરણીય ગણી શકાય. આ પારસીઓની ભાષા સાહિત્યિક ગુજરાતીનું સ્વરુપ ધરાવતી નથી તેની પાછળના કારણો જોતાં આપણે કહી શકીએ કે ગુજરાતી ભાષા એ પારસીઓની માતૃભાષા ન હતી, વળી પારસીઓ પોતાના ઘરમાં 'પારસીશાહી' ગુજરાતી દ્વારા રોજ પોતાનો વ્યવહાર ચલાવતાં, આ ઉપરાંત અંગ્રેજી સાહિત્યની પ્રબળ અસર તેમણે ગ્રહણ કરી હોવાને કારણે પાછળથી તેમની ભાષા અંગ્રેજી, ફારસી અને પોતાની સ્વકલ્પિતતાને કારણે સંમિશ્રણ બની રહી.

અલબત્ત 'પારસી બોલી'માં શુધ્ધ ગુજરાતીના દર્શન નથી થતાં. ગુજરાતી ભાષાની ઘણી બોલીઓમાં ભાષાશુધ્ધીની અપેક્ષા સંતોષાતી નથી છતાં પણ 'બોલી' તરીકેનું તેનુ મૂલ્ય ઘટતું નથી. તેવીજ રીતે 'પારસી બોલી' પણ ગુજરાતી ભાષાની એક વિશિષ્ટ પ્રકારની બોલી છે જેમાં ઉચ્ચારણમાં રહેલી માધુર્યને કારણે તે વિશેષ પ્રમાણમાં લોકપ્રિય બની રહી છે. આ લોકપ્રિય બોલી માત્ર પારસી કોમના વર્તુળમાંજ ઉછરતી કે પાંગરતી રહી તેમ નથી પણ તેના દ્વારા જે વિપુલ સાહિત્ય સર્જન થયું તેટલા પ્રમાણમાં ગુજરાતી ભાષાની કોઇપણ બોલીમાં નહી થયું હોય. સંખ્યાની દૃષ્ટિએ સાહિત્યના તમામ સ્વરુપોનું ખેડાણ પારસી સાહિત્યકારો દ્વારા વિપુલ પ્રમાણમાં થતુ રહયું હોવા છતાં ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં આ સાહિત્યકારો લગભગ ઉપેક્ષિત રહયા ! કેટલીય ઐતિહાસિક બાબતોના પ્રસ્થાનકર્તા પારસીઓએ આ ઉપેક્ષાની પરવા કર્યા વિના પોતાની પ્રવૃત્તિઓમાં વિકાસ સાધી પોતાના સર્જનમાં ઉત્તરોત્તર પ્રગતિશીલ બની રહયાં. પારસી બોલીની લોકપ્રિયતામાં તે બોલીમાં ઉચ્ચારણગત્ વૈશિટય રહેલ હોવાને કારણે કર્ણપ્રિય બની પ્રધાન ભાગ ભજવી રહી. ખાસ કરીને નાટય સંદર્ભમાં તપાસીએ તો તેમના ઉચ્ચારણ, વાકય બોલવાની લઢણ, તેમજ વિશિષ્ટ શબ્દ-સૃષ્ટિ આદિમાં જે સરળ પ્રવાહિતા વહે છે તેના કારણે પ્રેક્ષકો પર પ્રબળ છાપ ઉપસાવી શકવા સમર્થ બની છે. પારસી નાટકોની સફળતાના કારણોમાં 'પારસી બોલી'નો પારસી

સર્જકો દ્વારા થયેલ ઉચિત પ્રયોગને પણ ગણાવી શકાય. એક એવી પણ ગેરસમજ પ્રવર્તતી દેખાય કે પારસી સાહિત્ય એટલે હાસ્ય પ્રધાન ક્ષણિક આનંદ આપનારું, જેમાં શુધ્ધ ગુજરાતી નજરે ન પડે તેવું સાહિત્ય. વાસ્તવમાં આ યોગ્ય નથી. પારસી સાહિત્યમાં પણ ઉત્કૃષ્ટ તત્ત્વો જોવા મળે છે. પારસી બોલી એ પારસી નાટકની સફળતાનું એક આગવું ઘટક તત્ત્વ ગણી શકાય તેમ છે. વળી પારસી નાટયકારોએ પારસી સંસારને નાટયસૃષ્ટિનું આંતર ઉપાદાન બનાવ્યું હોવાથી તેમજ પારસી કલાકારો દ્વારાજ અભિનિત થતાં રહયાં હોવાથી પારસી બોલીનો સતત સંદર્ભ કૃતિઓને મળતો ગયો અને લોકપ્રિયતા સંપડાવતો ગયો.

ગુજરાતી ભાષાસાહિત્યના સ્વરુપોની ચર્ચા કરતાં એટલું લખવું જરુરી બને છે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સ્વરુપોનું જે ખેડાણ થયું તેમાં મોટે ભાગે પદ્યનુ માધ્યમ નજરે પડે છે. આ સાહિત્ય નિર્મળ પ્રેમભાવના, ભકિત અને જ્ઞાનરસ પ્રધાન હતું. ગુજરાતીમાં આદ્ય કવિ નરસિંહ મહેતાથી દયારામ સુધી ખેડાયેલા સાહિત્ય સ્વરુપો પદ, ભજન, છપ્પા, કાફી, ચાબખા, આખ્યાન અને ગરબી આદિ પ્રજાના ભકિત અને જ્ઞાનરસના પ્રેરક બનીને આવે છે. આમ ટુંકમાં કહેવું હોય તો "મધ્યકાલીન સાહિત્ય પદ્ય પ્રધાન હતું. 'પૃથ્વીચંદ્રચરિત્ર'જેવા એકાદ અપવાદને બાદ કરતાં, એ જમાનામા ગદ્ય તો વેપારીને ચોપડે, રોજિંદી વાતચીતમાં અને ધર્મગ્રન્થોના ટીકા--ટિપ્પણમાં પુરાઇ રહયુ હતું, તેને સાહિત્યિક પ્રતિષ્ઠા મળી નહોતી." [૮]

ડો ધીરુભાઇ ઠાકરના મંતવ્ય પ્રમાણે તે વખતનું સાહિત્ય પદ્યપ્રધાન હતું, અને તેમાં ય વિશેષ ભકિત અને જ્ઞાન રસ તે તેનો પ્રધાન રસ હતો. આ વિષે આપણે એમ કહી શકીએ કે જે કાળમાં જેવી દેશની સ્થિતિ તેવું તેનું તે કાળનું સાહિત્ય હોય. મધ્યકાળનો યુગ ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતાં લોકોનુ સામાજિક- રાજકીય અને ધાર્મિક જીવન અસ્થિર, અસ્વસ્થ અને અંધાધૂધીથી ત્રાસેલું હતું. છતાં ય કવિઓનું સર્જન સ્વાંત: સુખાય અર્થે થતું રહયું. મોટા ભાગના કવિઓનુ સર્જન આત્માભિવ્યકિત (Self Expression) દ્વારા પ્રભુપ્રાપ્તિ અર્થેજ થતું. સાહિત્યતત્ત્વની સમજ જૂના કવિઓમાં ભાગ્યેજ સભાનપણે જાગી હશે.

પરંતુ ઓગણીસમી સદી ભારતને માટે કાન્તિકારક પરિવર્તનની સદી હતી. તેમાં યે ખાસ કરીને ઉત્તરાર્ધે ખૂબજ મહત્વનો ભાગ ભજવ્યો. 'આવી સતત પલટા ખાતી પરિસ્થિતિ વચ્ચે નર્મદ-દલપત, નવલરામ-નંદશંકર, મણિલાલ-ગોવર્ધનરામ, નરસિંહરાવ-રમણભાઇ આદિ લેખકો ઉછર્યાં હતાં. [૯] આવા સંઘર્ષોની વચ્ચે ઉપરોકત અગ્રણીઓએ પાશ્ચાત્ય શિક્ષણ અને

સાહિત્યની અસર ઝીલી ગુજરાતી ગદ્ય અને પદ્યના અનેકવિધ પ્રકારોનું ખેડાણ કર્યું જે મધ્યકાલીન ગુજરાતીસાહિત્યથી ખૂબજ ભિન્ન હતા. પશ્ચિમના સંપર્કથી ગુજરાતના સમાજિક અને શૈક્ષણિક જગત પર પ્રથમ આમૂલ અસર થઇ અને એ ક્ષેત્રો પર પડેલી એ અસરને પરિણામે એમની સાથે અવિચ્છેદ્ય સંબંધે સંકળાયેલા સાહિત્ય જીવન પર પણ અસર થાય એ સ્પષ્ટ છે. આમ ગુજરાતી સાહિત્ય પર પશ્ચિમના સંપર્ક પ્રત્યક્ષ નહી પરંતુ પરોક્ષ અસર થઇ જેથી શૈક્ષણિક ક્ષેત્રમાં આવવા માંડેલા પરિવર્તનોની સાથેજ સાહિત્યક્ષેત્રમાંહપણ ઘરમૂળથી ફેરફારો થવા માંડયા. પરિણામે અર્વાચીનયુગનો પ્રત્યેક સાહિત્યપ્રકાર એ પશ્ચિમના સાંસ્કૃતિક સંપર્કનોજ પ્રતાપ છે. નવલકથા, નિબંધ, આત્મકથા, જીવનચરિત્ર, ઉર્મિકાવ્યો, પ્રકૃતિકવિતા, પ્રણયકવિતા, દેશપ્રેમની કવિતા, સોનેટ, એકાંકી, નવલિકા, અને વગેરે સર્વ સ્વરુપો મધ્યકાળમાં નહોતા તેનુ અર્વાચીનકાળમાં સર્જન શરુ થયું. સ્ટીલ, મેકોલે, એડીસન, બેકન જેવા અંગ્રેજી ગદ્યલેખકોના લખાણોના અભ્યાસે ગદ્યના વિકાસને વેગ પ્રદાન કર્યો. જયારે વર્ડ્ઝવર્થ, શેલી, શેકસપિયર, દાન્તે જેવા યુરોપીય કવિઓના અભ્યાસથી કવિતાના વિવિધ સ્વરુપો પરત્વે કવિઓ અભિમુખ થયા. પંડીત યુગના સાક્ષર રમણભાઇએ તો વર્ડ્ઝવર્થની " Poetry is a spontaneous over flow of Powerful feelings ની વ્યાખ્યા અપનાવી કહ્યું કે ' લાગણીથી થયેલી પ્રેરણાથી-અંતર્ભાવથી કે ચિત્તક્ષોભ થાય તેજ ખરી કવિતા.' રમણભાઇએ પોતાની કવિતાઓ, 'રાઇનો પર્વત' જેવું નાટક અને 'ભદ્રંભદ્ર' જેવી નવલકથા પશ્ચિમમાથીજ પ્રેરણા લઇને લખ્યાં છે.

નાટકના ક્ષેત્રે રમણભાઇથી સ્વીકારાવા માંડેલી પાશ્ચાત્ય અસરને છેક અર્વાચીન સમય સુધી ટકી રહેવું પડયું છે. ગુજરાતી સાહિત્યમાં 'નાટક' કહી શકાય તેવી કૃતિઓ રચવાનો આરંભ અન્ય અર્વાચીન સાહિત્ય પ્રકારોની જેમ, નર્મદ યુગને ફાળે જાય છે. 'ગુજરાતી નાટકનો વિકાસ બીજા પ્રકારોના પ્રમાણમાં મંદ અને અનિયમિત થયેલો છે. .રણછોડભાઇ ઉદયરામ અને મણિલાલ નભુભાઇના જમાનામાં ગુજરાતી રંગભૂમિ પર સાક્ષરોના નાટકો ભજવાતાં, પછી ધંધાદારી નાટક રંગભૂમિ અને નાટક વચ્ચે અંતર પડયું.[10] આમ ધંધાદારી રંગભૂમિ અને સાહિત્યિક નાટક વચ્ચે અંતર દેખાય છે. કારણ કે ધંધાદારી નાટક મંડળીઓ સ્થૂળ લોકરુચિને પંપાળીને પૈસા કમાવામાંજ પડી. જેમા સભ્ય સમાજની સુરુચિને ભંગ થાય તેવા ગીતો, નૃત્યો, દૃશ્યો, અશ્લીલતા ભર્યા પ્રેમના પ્રસંગોની અતિરેકતા જોવા મળે છે. વળી આ મંડળીઓએ સાહિત્યિક નાટકોને રંગભૂમિ પર સાકાર

કરવાની સ્પૃહા ન બતાવતા લોકોની નાટક વિષે સ્પષ્ટ સમજ ખીલી ન શકી. સાહિત્યિક નાટકને રંગભૂમિ પર સ્થાન મોટે ભાગે ન મળતાં લેખકોનો રંગભૂમિ સાથેનો સંબંધ તૂટી ગયો.

મનુષ્યમાં રહેલી મનરંજનની વૃત્તિને પોષવા આપણા દેશના અન્ય પ્રાન્તોની જેમ ગુજરાતની ભૂમિ પર લોકનાટ્ય (અથવા ભવાઇ) અસ્તિત્ત્વમાં આવ્યું હશે. સંસ્કૃત નાટકો ભજવાતાં બંધ થવાના કાળથી રણછોડભાઇ ઉદયરામ જેવાના નાટકો ભજવાતાં શરુ થયાં ત્યાં સુધી તેણે જનમનરંજનાર્થે યથાશકિત સેવા અર્પેલ છે. પરંતું નાટયોચિત વસ્તુના અભાવે ભવાઇ સંગીત, નૃત્ય, અસ્લીલ ચેનચાળાને વધુ પ્રાધાન્ય રહેતું. વળી બીભત્સતાજન્ય અત્યંત સ્થૂળ હાસ્ય ભવાઇનું મુખ્ય લક્ષણ બનતાં, સંસ્કારિતા અને સુરુચિનો ભગ થતાં શિક્ષિતસમાજમાં તેની સામે રોષનુ વલણ ઉત્પન્ન થવા લાગ્યું. આનું મુખ્ય કારણ એ ગણાવી શકાય કે તે મુખ્યત્વે ગ્રામ્ય મનોરંજનનો પ્રકાર હતો. વળી મુખ્ય ધ્યેય મનોરંજન હોવાથી હાસ્ય ઉપજાવવા માટે થોડો ઘણો સ્થૂળ સંગાર અને વધુ પડતો બીભત્સ એ ઉપાદાન બની રહયાં અને આ અશ્લીલતા અને બીભત્સતા જોઇનેજ 'હું ભરતમુનિનો અનુયાયી હોઉં એવી મારી લાગણી ઉશ્કેરાઇ આવી[11] એવી સખેદ નોંધ લીધી છે. રણછોડભાઇએ આ અશ્લીલતા અને બીભત્સતાના કારણેજ પોતે શિષ્ટ નાટકની રચના કરી તે -- ભવાઇ ઉપર અભાવ ઉપજવાથી પ્રથમ મારું લક્ષ નાટક ઉપર ગયું અને મનમાં એમ આવ્યુ કે નાટકનો વિષય પણ ગુજરાતી ભાષામાં ખેડાવો જોઇએ'[12] -- સ્પષ્ટ સમજાય એમ છે. આમ ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતમાં શુધ્ધ નાટય-પ્રવૃત્તિનું અસ્તિત્વ દેખાતું નથી. આ વિષે મત દર્શાવતા ડો મહેશ ચોકસી નોંધે છે કે, 'ભવાઇમાં સામગ્રીના વૈવિધ્ય ઉપરાંત શૈલી મનોરંજનલક્ષી હતી અને વધારામાં આ આ પરંપરામા નાટયોપકારક તત્ત્વો ઉપસાવી શકાય એમ હતું. આ ઉપરાંત ઇતર પ્રાન્તોમાંથી આવતી રાસલીલા-રામલીલાની મંડળીઓ મારફત પણ જનસમૂહને નાટયછટાભર્યુ મનોરંજન મળી રહેતું. આવી ભિન્ન ભિન્ન પ્રવૃત્તિમા તત્કાલીન જનસમાજની નાટયવૃત્તિનો આવિષ્કાર જોઇ શકાય, પરંતું એ સ્પષ્ટતઃ નાટયપ્રવૃત્તિ તરીકે ઓળખવી મુશ્કેલ ગણાય.'[13] આમ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ હોવા છતા તેનું સાહિત્યિક મૂલ્ય કશુંજ નહોતું. જ્યારે ઐતિહાસિક મૂલ્યવત્તા વિસરી શકાય તેમ નથી.

ઓગણીસમી સદી એ સંક્રાતિકાળ હતો. આ કાળ દરમ્યાન રંગભૂમિની પ્રવૃત્તિને અંગ્રેજી નાટય-મંડળીઓ દ્વારા વિવિધ ક્ષમતાઓ સર કરવાનો વેગ મળ્યો. રંગભૂમિની

વ્યવસ્થિત સવલત ૧૮૪૨માં શંકર શેઠે બાંધેલા થીયેટર દ્વારા આપણને સાંપડી. ત્યારબાદ પારસીઓ આ ક્ષેત્રના વિકાસ માટે ભિન્ન ભિન્ન નાટક મંડળીઓની સ્થાપના કરી, જેના કારણે આ વ્યવસ્થિત રંગભૂમિને સુદઢ બનાવવાનો યશ તેમને ફાળે ગયો. આમ ગુજરાતી રંગભૂમિના જન્મદાતા તરીકે પારસીઓ પણ હતા એમ કહેવું અયોગ્ય નહીં લેખાય. આ મંડળીઓને ઉત્તરોત્તર વિકાસ સાધતી જોઇ તેની હરીફાઇમાં બીજી નાટક મંડળીઓ ખુલવા લાગી. હરિફાઇના કારણે ખુલેલી નાટક મંડળીઓએ જુદા જુદા નાટકોનુ વસ્તુ જુદી જુદી ટેકનિકો રંગભૂમિ પર રજૂ કરી, જે પરોક્ષ રુપે ગુજરાતી રંગભૂમિને ઉર્ધ્વમુખી બનાવવામા નોંધપાત્ર બની રહી. આમ પહેલી અચેતન કે સચેતન રંગભૂમિની રચના કરવાનો યશ પારસીઓના ફાળે છે.

પ્રકરણ - ૧

સંદર્ભ ગ્રંથ સુચિ :

૧.	કાન્હડદે પ્રબંધ	સં. પ્રો. કાન્તિલાલ બી. વ્યાસ	પૃ. ૧.
૨.	કાન્હડદે પ્રબંધ	સં. પ્રો. કાન્તિલાલ બી. વ્યાસ	પૃ. ૧.
૩.	નળાખ્યાન	ભાલણ સં. કે. કા. શાસ્ત્રી	પૃ. ૧
૪.	અખાના છપ્પા	સં. કે. સી. મહેતા અને આર. એમ. શુક્લ	પૃ. ૧૪૦
૫.	દશમસ્કંધ	પ્રેમાનંદ સં પ્રો. મનસુખલાલ ઝવેરી	પૃ. ૧
૬.	ગુજરાતી ભાષાનો ઇતિહાસ	વ્રજલાલ કાળીદાસ શાસ્ત્રી	પૃ. ૬૧.
૭.	આપણા કવિઓ	શ્રી કે. કા. શાસ્ત્રી	પૃ. ૩૦.
૮.	ગુજરાતી સાહિત્યની વિકાસરેખા	ડૉ. ધીરુભાઇ ઠાકર	પૃ. ૩.
૯.	ગુજરાતી સાહિત્યની વિકાસરેખા	ડૉ. ધીરુભાઇ ઠાકર	પૃ. ૬.
૧૦.	ગુજરાતી સાહિત્યની વિકાસરેખા	ડૉ. ધીરુભાઇ ઠાકર	પૃ. ૩૧૭.
૧૧.	રણછોડભાઇ ઉદયરામ સ્મારક ગ્રંથ	સં. ર. ઉ. શતાબ્દિ સમિતિ	પૃ. ૪૯.
૧૨.	જયકુમારી વિજય	રણછોડભાઇ ઉદયરામ	પૃ. ૨
૧૩.	ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ	ડૉ. મહેશ ચોકસી	પૃ. ૪૪.